GJVD070024742020

**વાદીની આંકઃ-૫ ની સીવીલ પ્રોસીજર કોડ,૧૯૦૮ના ઓર્ડર-૩૯ રૂલ્સ (૧), (૨) તથા કલમ-૧૫૧ મુજબ કામચલાઉ મનાઉ હુકમ મેળવવા અરજ લગત હુકમઃ-**

**રેગ્યુલર મુકદમા નંબર:- ૭૦/૨૦૨૦**

**(૧) અરજીની વિગત :-**

- આ કામે વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરૂદ્ધ હાલનો દાવો ડેકલેરેશન તથા કાયમી તાકીદ બાબતનો તેમજ જાથુનો મનાઇ હુકમ મેળવવા બાબતે દાખલ કરવામાં આવેલ છે. સદરહુ દાવાના આખરી ન્યાયીક નિર્ણય સુધીના સમયગાળા દરમિયાન સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ના ઓર્ડર-૩૯ રૂલ-૧,૨ તથા કલમ-૧૫૧ મુજબ કામચલાઉ મનાઇહુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**(૧/૧)** સદરહુ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ-ધરમપુરી, તા.ડભોઇ, જી.વડોદરા મુકામે ગ્રામપંચાયત દફતરે નોંધાયેલ મકાન નંબર-૨૫૮ તથા ૨૫૮/૧ થી ચાલતી મિલકતો તા.૨૭.૦૭.૧૯૨૫ ના રોજ શ્રીમંત ગાયકવાડ સરકારના સમયમાં વિવાદી તર્ફે પરસોત્તમ દ્વારકા તથા દેસાઇભાઇ દ્વારકા અને પ્રતિવાદી મહાલકારી વહીવટના વખતથી તકરારો ચાલતી આવેલ છે. સદરહુ દાવાવાળી મિલકત બાબતે સને-૧૯૨૫ માં ઉત્તર-દક્ષિણ ૧૬ ફુટ તથા પૂર્વ-પશ્ચિમ દિશાનુ માપ, ઉત્તર-દક્ષિણ દિશાનુ માપ ૯-૬.૬ ફૂટ જણાવવામાં આવેલ છે. જે તે વખતે શામળભાઇ દાદાભાઇ પટેલના લાભમાં હુકમ થઇ ગયેલ છે. ત્યારબાદ, સામાવાળાઓની અપીલ પ્રાંત ન્યાયાધીશશ્રીની કોર્ટમાં ચાલેલી, જે અપીલમાં પણ સામાવાળાના વડીલોની વિરૂદ્ધમાં પણ હુકમો થયેલા છે. ત્યારબાદ, રે.મુ. નંબર-૧૮/૧૯૯૫ કરવામાં આવેલો અને તેમાં જે તે વખતની પંચાયતના તલાટી કમ મંત્રીશ્રીનાઓએ કોઇ હસ્તક્ષેપ કરવો નહી તે મુજબનો હુકમ થયેલો. ત્યારબાદ, સીવીલ અપીલ નંબર-૧૪૨/૧૯૯૫ ચાલેલ, જે અપીલના કામે પક્ષકારો વચ્ચે દબાણ બાબતની તકરાર અને મિલકત બાબતે ફળીયામાં રહેતા પક્ષકારો વચ્ચે તા.૦૨.૦૩.૧૯૯૬ ના રોજ સમાધાન કરવામાં આવેલ. તે સમાધાનના ભાગરૂપે ધરમપુરી ગામમાં મંદિરવાળા ફળીયામાં કાચી ઓટલીઓ કાઢી નાખવાની છે અને ભવિષ્યમાં કાચુ કે પાકુ બાંધકામ કરવુ નહી તથા નવુ બાંધકામ કરવુ નહી તે મુજબનુ સમાધાન રે.મુ.નં.૧૪૨/૧૯૯૫ ના દાવામાં થયેલ.

તા.૨૧.૦૮.૧૯૯૬ ના રોજ પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થતાં, પ્રતિવાદી નંબર–૬ થી ૧૧ ના વડીલોની તકરારોનો અંત આવી ગયેલ હોવા છતાં, પ્રતિવાદી નંબર–૬ થી ૧૧ દ્વારા પ્રતિવાદી નંબર–૧ ની કચેરીમાં દબાણ બાબતની ખોટી અરજીઓ કરવામાં આવે છે અને પ્રતિવાદી નંબર–૧ નાઓ પ્રતિવાદી નંબર–૬ થી ૧૧ ના મેળાપીપણામાં આવી ગયેલા છે. પ્રતિવાદી નંબર–૧ નાઓએ તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ વાદીને દબાણ દૂર કરવા બાબતની નોટીસ મોકલેલ અને વાદીએ તા.૧૯.૦૬.૨૦૨૦ ના રોજ સદરહુ નોટીસનો જવાબ આપેલ હોવા છતાં, પ્રતિવાદી નંબર–૧ નાઓની તા.૨૨.૦૬.૨૦૨૦ ના રોજ ફરીથી વાદીના દિકરાને નોટીસ આપેલ. આ રીતે તા.૨૫.૦૬.૨૦૨૦ ના રોજ વાદીએ ખુલાસા સાથેનો જવાબ આપેલ હોવા છતાં, તા.૨૯.૦૬.૨૦૨૦ ના રોજ પ્રતિવાદી નંબર–૧ નાએ ફરીથી દબાણ બાબતની નોટીસ આપેલ છે. તા.૩૦.૦૬.૨૦૨૦ ના રોજ વાદી દ્વારા તેનો ખુલાસો કરવામાં આવેલ હોવા છતાં, પ્રતિવાદી નંબર–૧ નાઓ દબાણ દૂર કરવા માટે વાદીને ગર્ભીત ધમકીઓ આપતા હોવાથી, હાલની મનાઈઅરજીનુ કારણ ઉત્પન્ન થયેલ છે. સદરહુ દાવાવાળી મિલકત એટલે કે મકાન નંબર–૨૫૮ અને ૨૫૮/૧ વાળી મિલકતોની ઉત્તર–દક્ષિણ ૧૬ ફુટ તથા પૂર્વ–પશ્ચિમ દિશાનુ માપ, ઉત્તર–દક્ષિણ દિશાનુ માપ ૯–૬.૬ ફૂટ જણાવવામાં આવેલ છે, તે મિલકતમાં કોઈપણ જાતનુ દબાણ ન હોવા છતાં, પ્રતિવાદી નંબર–૧ ના વાદીને નોટીસ આપે નહી અને વાદીની મિલકતમાં કોઈ દબાણ કરે કરાવે નહી તે મતલબેનો મનાઈહુકમ મેળવવા માટે તેમજ વાદીના મકાનની હદમાં આવેલ દક્ષિણ દિશા તરફનો ગલીનો રસ્તો વાદીની માલિકીનો હોવાથી, તેમાં પ્રતિવાદી નંબર–૧ નાઓ ખોદકામ કે દબાણ દૂર કરે કરાવે નહી તથા વાદીની માલિકીની મિલકતમાંથી ગેરકાયદેસર રીતે દબાણ દૂર કરે કરાવે નહી તે મતલબેનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ ગુજારેલ છે.

**(૨) <u>જવાબની વિગત</u> :–**

– આ કામે પ્રતિવાદી નંબર–૬ તર્ફે આંક–૧૩ થી દાવાઅરજી અને મનાઈઅરજીનો સંયુકત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં, વાદીની દાવાઅરજી અને મનાઈઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી, એવી હકીકત જણાવેલ છે કે, વાદીએ તેઓની દાવાઅરજીમાં જણાવેલ હકીકતો ઉભી કરેલી અને બનાવટી છે, પ્રતિવાદી નંબર–૬ નાને સદરહુ હકીકતો સાથે કોઈ જ સંબંધ નથી. પ્રતિવાદી નંબર–૬ નાએ વાદીની નોટીસનો તા.૧૧.૦૩.૨૦૨૨ ના રોજ તાત્કાલિક જવાબ આપેલ છે. વાદીએ

તા.૦૨.૦૩.૧૯૯૬ ના રોજના સમાધાન મુજબ દક્ષિણ દિશાના ખૂણાનો ભાગ ખુલ્લો કરી આપેલ નથી અને સમાધાનનો અમલ કરેલ નથી. પ્રતિવાદી નંબર–૧ નાએ પોલીસ બંદોબસ્ત તથા ટીડીઓ તથા સર્કલ સાહેબ રૂબરૂમાં દબાણ ખુલ્લુ કરાવેલ છે અને પંચાયતે સ્થળનુ પંચનામુ કરેલ છે. ત્યારબાદ, વાદીને ફળીયાના માણસો વચ્ચે સમાધાન થઇ ગયેલ અને તમામ કેસો પાછા ખેંચી લેવાના તથા ભવિષ્યમાં કોઇ નવા કેસો નહી કરવા સંદર્ભે સમાધાન થયેલ હોવા છતાં, વાદીએ સમાધાનનો ભંગ કરી, તા.૦૪.૦૭.૨૦૨૦ ના રોજ હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે. વાદી તથા પ્રતિવાદી નંબર–૧ નાએ સમાધાનમાં નકકી કરેલ કે, પંચાયત ભવિષ્યમાં રોડની બંન્ને સાઇડ બ્લોક નાખવાની કામગીરી કરે તો તેમાં કોઇએ દખલગીરી, વિવાદ, વાંધો કે વિરોધ કરવાનો રહેશે નહી. આમ છતાં, વાદીએ ખોટો વિરોધ ઉભો કરી, પંચાયતને કામ કરવા દેતા નથી. વાદીના દિકરાના મકાનમાં જે ગટરલાઇનનુ કનેકશન છે તેમાં વાદી બીજાને કનેકશન લેવા દેતા નથી. વાદીના નામે પંચાયતમાં કોઇ મિલકત આવેલ નથી. પ્રતિવાદી નંબર–૧ નાઓએ વાદીની જે પણ નોટીસો આપેલ છે, તેમાં પ્રતિવાદી નંબર–૬ ને કોઇ લેવા દેવા નથી. આમ છતાં, વાદીએ તદ્દન ખોટી રીતે પ્રતિવાદી નંબર–૬ ને દાવામાં પક્ષકાર તરીકે જોડેલ છે. વાદીનો પ્રાઇમાફેસી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમાં છે. ઇરીપેરેબલ લોસ પ્રતિવાદી નંબર–૬ ને જાય તેમ છે. પ્રતિવાદી નંબર–૬ પંચાયતમાં કોઇ હોદ્દો ધરાવતા નથી અને તે સંજોગોમાં વાદીની તરફેણમાં કામચલાઉ મનાઇહુકમ ફરમાવવામાં આવે તો, પ્રતિવાદીને ખોટા ખર્ચમાં ઉતરવુ પડે તેમ છે. કામચલાઉ મનાઇહુકમ ન આપવાથી વાદીને કોઇ નુકસાન જાય તેમ નથી. કારણ કે વાદી તે મિલકતના માલિક નથી. જેથી, વાદીએ પ્રતિવાદી નંબર–૬ ને ખોટી રીતે દાવામાં જોડેલ હોવાથી, વાદીનો દાવો તથા કામચલાઉ મનાઇહુકમની અરજી નામંજુર કરવા અરજ છે.

## (૩) <u>કાઉન્ટર એફીડેવીટ</u> :–

– વાદીપક્ષ દ્વારા પ્રતિવાદી નંબર–૬ ના આંક–૧૩ના જવાબ સામે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ નથી.

## (૪) <u>દલીલો</u> :–

(૪/૧) આ કામે વાદીપક્ષ તર્ફે વિ.વ.શ્રી એ.એચ.મકરાણી તથા પ્રતિવાદીપક્ષ તર્ફે વિ.વ.શ્રી એસ.એ.સીંધી અને વિ.વ.શ્રી એલ.જે.પટેલની દલીલો સાંભળી.

(૫) <u>કારણો</u> :-

(૫/૧) આ કામે વાદીપક્ષ દ્ધારા દાખલ કરવામાં આવેલ દાવો અને કામચલાઉ મનાઇહુકમની અરજીનો જીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવેલ છે તથા વાદીપક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ધરમપુરી ગ્રામપંચાયત તરફથી આ કામના વાદીને દબાણ દૂર કરવા માટે એક પણ નોટીસ આપેલ હોય તે દર્શાવવા માટે વાદીપક્ષ દ્ધારા કોઇ પુરાવો રજુ થયેલ નથી. વાદીપક્ષ દ્ધારા આંક-૩ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી રજુ થયેલ ધરમપુરી ગ્રામપંચાયતની નોટીસો પૈકી એક પણ નોટીસ વાદીને ઉદ્ધેશીને આપવામાં આવેલ નથી. આ કામે ધરમપુરી ગ્રામપંચાયત મુકામે આવેલ મકાન નંબર-૨૫૮ તથા ૨૫૮/૧ વાળી મિલકત વાદીના નામે હોય તે દર્શાવવા માટે વાદીપક્ષ દ્ધારા કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેવા આવશ્યક અને જરૂરી હકીકત વાદીની કામચલાઉ મનાઇહુકમની અરજી તથા દસ્તાવેજો ઉપરથી જણાઇ આવતી નથી. વાદીપક્ષ દ્ધારા જે દાદ માંગવામાં આવેલ છે તે મુજબ વાદીએ તેઓનુ દબાણ દૂર કરવામાં આવે નહી તે બાબતે દાદ માંગેલ છે. આવી દબાણ સંદર્ભેની દાદ મંજુર કરી શકાય નહી. આમ, વાદીપક્ષ દ્ધારા માંગવામાં આવેલ દાદને ધ્યાને લેતાં, વાદીપક્ષ પોતાની પ્રથમ દર્શનીય કેસ સાબીત કરવામાં સફળ રહેલા નથી તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે.

(૫/૨) ઉપરોકત ચર્ચા મુજબ જયારે વાદીપક્ષ પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરવામાં સફળ રહેલા નથી ત્યારે વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ નહી આપવાથી નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકસાન જવાની શકયતા રહેલ હોવાની હકીકત સાબીત કરવામાં પણ વાદીપક્ષ નિષ્ફળ ગયેલ છે. લેણ-દેણની સમતુલા વાદીપક્ષની તરફેણમાં છે તે હકીકત પણ સાબીત કરવામાં વાદીપક્ષ નિષ્ફળ ગયેલા છે તેવા તારણ પર અત્રેની અદાલત આવેલ છે.

(૫/૩) આમ, કામચલાઉ મનાઇ હુકમની અરજીના ન્યાયીક નિર્ણય માટેના આવશ્યક ત્રણેય તત્વો સાબિત કરવામાં વાદીપક્ષ સફળ રહેલ ન હોવાથી, વાદીપક્ષ માંગ્યા મુજબની કામચલાઉ મનાઇહુકમની દાદ મેળવવા હકકદાર ઠરતા નથી તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે. આથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

**૧.** આથી, વાદીની **આંક: ૫ ની સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ના ઓર્ડર: ૩૯ રૂલ:૧,૨ તથા કલમ-૧૫૧** મુજબની કામચલાઉ મનાઈહુકમ મેળવવાની અરજી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

**૨.** આ અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

**હુકમ** આજરોજ તારીખ **૩૦ મી** માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૦૮/૨૦૨૫.
**ડભોઈ.**

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, ડભોઈ.
**જીજે ૦૦૮૪૩**

(SELF)